શ્રી ઔ.સ.ઝા.સા.બ્રહ્મસમાજ અમદાવાદ
રજી. નં. એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું
સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક

# સદ્ભાવ

વર્ષ-૪૩ * મે-૨૦૨૬ * સળંગ અંક- ૨૨૪



# શુભ વેવીશાળ



કુળદેવી શ્રી બહુચર માતાજી તથા શ્રી રામદેવપીર મહારાજની
અસીમ કૃપા તેમજ ગુરુદેવ શ્રી ચિરાગ દાદાનાં આશિર્વાદ થી
( રંઘોળા નિવાસી હાલ અમદાવાદ ) શ્રી માલતીબેન જીતેન્દ્રભાઈ પંડીત
ની સુપુત્રી ચિ. ઉર્વશી નો સગાઈ સમારોહ
શ્રીમતી આશાબેન હસમુખભાઈ મોદીના સુપુત્ર ચિ. સ્મિત સાથે
મંગળવાર તા. ૧૨/૦૫/૨૦૨૬ નાં રોજ અમદાવાદ મુકામે
સંપન્ન થયો.

: આશિર્વાદ :

સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ બટુકરાય પંડિત
શ્રી માલતીબેન જીતેન્દ્રભાઈ પંડિત
શ્રી યશ જીતેન્દ્રભાઈ પંડિત

: ફર્મ :

યશ એન્ટરપ્રાઈઝ - જે.પી. એન્ટરપ્રાઈઝ - યશ ડેવલપર્સ પ્રા. લિ.

# જ્ઞાતિ ગૌરવ



જ્ઞાતિનું ગૌરવ એવા શ્રી પારિતોષ ભરતભાઈ પંડ્યાની

graduation ceremony, University of Wisconsin US


જ્ઞાતિ તરફથી ગ્રેજ્યુએટ થવા બદલ ખુબ ખુબ અભિનંદન

શુભેચ્છા સાથે

શૈલજાબેન અનિલભાઈ પંડ્યા

ભારતીબેન અને કિશોરભાઈ પંડિત

મમતાબેન અને ધર્મેન્દ્રભાઈ પંડિત




## શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ
## મીનીટ્સ

– ૨૦૨૫–૨૬નું સરવૈયુ તેમજ આવક–જાવક ખાતાને વાંચી સંભળાવવામાં આવ્યુ હતું.
– નોટબુક સહાય અત્યાર સુધી ધો. ૧ થી ૧૦ સુધી આપવામાં આવતા હતા. આ વર્ષે ધો. ૧ થી કોલેજ સુધી આપવાનું નક્કિ કરવામાં આવે છે.
– શિષ્યવૃતિ તેમજ નોટબુક સહાયનું ફોર્મ સદભાવમાં છપાવવુ.
– તા. 30–0૬–૨૬ સુધીમાં ફોર્મ સબમીટ કરાવવું અને તા. ૧૨–૦૭–૨૬ ના રોજ નોટબુક સહાય આપવું.

# સદ્‌ભાવ

વર્ષ- ૪૩ સળંગ અંક- ૨૨૪ મે-૨૦૨૬

**માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર**

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ

૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫. ફોન:- 999 8000 450

કાર્યાલય :- સોમ, બુધ અને શુક્ર સાંજે ૬.૦૦ થી ૮.૦૦

sadbhav84@gmail.com

@sadbhav450bs

@asz450brahmsamajahmedabad

https://asz450bsabd.in

**તંત્રી**

શ્રીમતી હીતાર્થીબેન ચેતનભાઈ વ્યાસ

**સહતંત્રી**

શ્રીમતી મીતાબેન કેતનભાઈ મહેતા

**સંપાદક મંડળ**

શ્રી હરેશભાઈ રવિશંકર જોષી

શ્રીમતી પ્રીતીબેન પ્રશાંતભાઈ આચાર્ય

શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી

માહિતી માટે મો. 999 8000 450

**રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ**

૧. સહતંત્રી સ્થાનેથી
૨. જ્ઞાતિ સમાચાર
૩. જ્ઞાતિ ગૌરવ
૪. શુભ સમાચાર
૫. દાન સરવણી
૬. અવસાન નોંધ

**સદભાવ આજીવન લવાજમ**

સ્થાનિક - ₹.1000/- વિદેશમાં - ₹.2500/-

**જાહેરાતના દર**

ફોર કલર

₹. 6000/- સ્પોન્સરશીપ

₹. 1500/- કલર પેજ આખુ

₹. 750/- કલર પેજ અડધુ

B/W ₹. 1000/- અંદરનુ આખુ પેજ

B/W ₹. 500/- અંદરનુ અડધુ પેજ

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-1 ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-2 ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે. આ ઉપરાંત અંદરનુ એક સાદુ ફુલ પેજ મળશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ માટે લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો. કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી.

પંજાબનેશનલ બેંક, બાપુનગર, અમદાવાદ
2138000100044823
IFSC : PUNB0213800

યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, બાપુનગર, અમદાવાદ
454802010590599
IFSC : UBIN0545481

## સહતંત્રી સ્થાને થી

- મીતાબેન મહેતા

**અધિક માસ ( પુરૂષોતમ માસ ) મહિમા**

અધિક માસ, જેને પુરૂષોતમ માસ તરીકે ઓળખવામાં આવે છે, હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને શ્રેષ્ઠ માસ માનવામાં આવે છે. હિંદુ પંચાંગ મુજબ ચંદ્ર વર્ષ અને સુર્ય વર્ષ વચ્ચેનો તફાવત સમતોલ કરવા માટે લગભગ દર ત્રણ વર્ષે એક અધિક માસ ઉમેદવામાં આવે છે. આ કારણે આ માસને  અધિક માસ કહેવામાં આવે છે.
આ માસને વિશેષ મહિમા ત્યારે મળ્યો જ્યારે ભગવાન શ્રી કૃષ્ણએ આ માસને પોતાનું નામ આપીને પુરૂષોતમ માસ તરીકે સ્વીકાર્યો. તેથી આ માસમાં કરવામાં આવેલ દરેક સત્કર્મ, ભક્તિ અને પુજા અનેકગણું ફળ આપે છે.

**અધિકમાસનું ધાર્મિક મહત્વ**

શાસ્ત્રોમાં જણાવાયું છેકે આ માસ દરમીયાન ભક્તિપુર્વક કરેલ જપ, તપ, વ્રત, દાન અને પુજા મનુષ્યના જીવનને પવિત્ર બનાવે છે. આ માસ આત્મશુદ્ધિ અને આધ્યાત્મિક પ્રગતિ માટે અત્યંત મહત્વનો સમય છે.
આ માસમાં ખાસ કરીને નીચેના કાર્યો કરવામાં આવે છે :
- ભગવાનનું નામસ્મરણ અને ભજન-કીર્તન
- ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત જેવા પવિત્ર ગ્રંથોનું પઠન
- એકાદશી, પૂનમ અને અમાસના વ્રતોનું પાલન
- ગરીબો, જરૂરીયાતમંદો અને સાધુસંતોને દાન
- મંદીરોમાં દર્શન અને સેવા

**શું ન કરવું**

અધિક માસ દરમિયાન સામાન્ય રીતે શુભ કાર્યો જેમ કે:
- લગ્ન
- ગૃહપ્રવેશ
- નવા વ્યવસાયનો પ્રારંભ

આ બધુ ટાળવામાં આવે છે, કારણકે આ માસ ભૌતિક સુખ કરતાં આધ્યાત્મિક વિકાસ માટે સમર્પિત છે.

**આધ્યાત્મિક લાભ**

આ માસમાં સાચા મનથી કરવામાં આવેલી પ્રાર્થના:
- પાપોનું ક્ષય કરે છે.
- મનને શાંતિ આપે છે.
- જીવનમાં સકારાત્મકતા લાવે છે.
- ભગવાનની કૃપા પ્રાપ્ત કરાવે છે.

આ સમયમાં આપણાં આંતરીક જીવનને ઈશ્વર સાથેનો સંબંધ મજબુત બનાવવાનો અવસર છે.

**ઉપસંહાર**

અધિક માસ આપણને ભક્તિ, સેવા અને સદાચારના માર્ગે આગળ વધવા માટે પ્રેરણા આપે છે. આ પવિત્ર માસનો સદુપયોગ કરીને આપણે આપણા જીવનને અર્થપુર્ણ બનાવી શકીએ છીએ અને ભગવાનની કૃપા પ્રાપ્ત કરી શકીએ છીએ.

# શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ દ્વારા ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન : ૨૨ રક્તદાતાઓ એ કર્યું રક્તદાન

અમદાવાદ:સમાજ પ્રત્યેની પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ અમદાવાદ દ્વારા તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬ રવિવારના રોજ એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૯:૦૦ કલાકે શરૂ થઈ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો, જેમાં સમાજના યુવાનો અને વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ સમગ્ર શિબિરનું સફળ સંચાલન સમાજના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. યુવક મંડળના સભ્યોએ રક્તદાતાઓના રજીસ્ટ્રેશનથી લઈને બેઠક વ્યવસ્થા સુધીની તમામ જવાબદારીઓ ખૂબ જ ચીવટપૂર્વક નિભાવી હતી. આ પ્રસંગે અમદાવાદના જાણીતા પ્રથમા બ્લડ સેન્ટર ની ડોક્ટરોની કુશળ ટીમે સેવા આપી હતી. મેડિકલ ટીમ દ્વારા રક્તદાન પૂર્વે તમામ રક્તદાતાઓના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી હતી અને અત્યંત સુરક્ષિત વાતાવરણમાં રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં કુલ ૨૨ જાગૃત રક્તદાતાઓએ સ્વેચ્છાએ રક્તદાન કર્યું હતું. રક્તદાન કરનાર તમામ સેવાભાવી સભ્યોને પ્રથમા બ્લડ સેન્ટર તરફથી એનર્જી ડ્રીંક અને પ્રોત્સાહન રૂપે પ્રમાણપત્ર અને વિશેષ ભેટ અર્પણ કરવામાં આવ્યા હતા. આ સન્માન દ્વારા રક્તદાનના મહત્ત્વને સમાજમાં વધુ વ્યાપક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.રક્તદાન કર્યા બાદ રક્તદાતાઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સમાજ તરફથી પૌષ્ટિક અને શુદ્ધ નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓએ યુવક મંડળની આ કામગીરીને બિરદાવી હતી અને રક્તદાન જેવું મહાદાન કરવા બદલ તમામ ૨૨ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમના અંતે સમાજમાં એકતા અને સેવાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો.

## ખુશી ભેટ

**ખુશી ભેટ ₹. 1111/-**

**અ.સૌ. ઉષાબેન તથા શ્રી પ્રદિપભાઈ કાંતિલાલ ત્રિવેદી (અમદાવાદ)ની સુપુત્રી ચિ. માધવીના શુભ લગ્ન અ.સૌ. દક્ષાબેન તથા શ્રી મહેશભાઈ ગુણવંતરાય રાવલ (ભાવનગર)ના સુપુત્ર ચિ. રાજ સાથે તા. ૧૩-૦૨-૨૦૨૬નાં રોજ સાળંગપુર મુકામે - કષ્ટભંજન દેવના સાનિધ્યમાં સંપન્ન થયેલ છે.**

સપ્ટેમ્બર'૨૫, નવેમ્બર'૨૫, જાન્યુઆરી'૨૬ અને માર્ચ'૨૬ના ૪ સદભાવના અંકો નવા પ્રિન્ટરે (પ્રમુખશ્રીના મિત્ર) ઓછા અને વ્યાજબી ભાવથી તૈયાર કરી આપ્યા છે જેથી સંસ્થાના સદભાવ ખર્ચમાં ઘટાડો થયેલ છે. ૨૦૨૪-૨૫ અને ૨૫-૨૬ના બે વર્ષમાં શૈક્ષણિક સહાય માટે દાતાઓના સહયોગથી વિદ્યાર્થીઓને મોટી સાઈઝના ચોપડા વીના મૂલ્યે આપવામાં આવ્યા હતા. આ વર્ષે વધુ સારી ગુણવત્તા અને મોટી સાઈઝના આશરે અડધી કિંમતે ૧૫૦૦ ચોપડા લેવામાં આવ્યા છે તથા પ્રમુખશ્રીના મિત્ર શ્રી રાજુભાઈ પટેલે આ માટે ૨૨,૫૦૦/- યોગદાન આપ્યું છે તેમનો આભાર માનવામાં આવે છે.

# ફોબીયા ( અજ્ઞાત ડર )

– ડો. વિશ્વેશ આર. પંડ્યા

આજના આધુનિક જમાનામાં મોબાઈલનું પ્રમાણ ખુબ વધી ગયું છે. અત્યારે ૮૦ % લોકોને માનસિક બિમારી થઈ ગઈ છે. ખોરાક, હવા, પાણી પણ આ બાબત પર અસર કરે છે. લોકો બહારના જંકફુડ, ઠંડા પીણા, ઠંડા પાણી વગેરે લેવાના કારણે જીવન ઉપર આ બધી બાબતો અસર કરે છે. માનસિક રોગ થવાના મુખ્ય કારણો માં બહારનાં જંકફુડ, ફાસ્ટ લાઈફના કારણે ટેન્શન, તણાવ , ડિપ્રેશન (હતાશા), સ્ટ્રેસ, ઓવર થીંકીંગ આ બધુ થઈ રહ્યુ છે. મોબાઈલ ના અતિશય ઉપયોગના કારણે લોકો પોતાની મુળ જીંદગી જીવવાનું ભુલી ગયા છે. જેમ જેમ ટેક્નોલોજી વધે છે તેમ રોગો પણ વધે છે.

આજ ના જમાનામાં ફોબીયાનું પ્રમાણ વધી ગયું છે. ફોબીયાના કારણે ઘણીવાર પેશન્ટ આપઘાત પણ કરે છે. ફોબીયા ઘણા પ્રકારનાં હોય છે. વિદ્યાર્થી ને પરીક્ષાનો ફોબીયા, પરિણામોનો ફોબીયા. નવદંપતીઓમાં પણ હવે ફોબીયાથવા લાગ્યો છે. આજનાં ભાગદોડનાં જમાનામાં માનસીક તણાવ એટલો વધી ગયો છે કે જેના કારણે લોકો દારૂ જેવા વ્યસન તરફ જઈ રહ્યા છે. જેના કારણે અકસ્માતોનું પ્રમાણ પણ ખુબ વધી રહ્યું છે. ફોબીયા એક પ્રકારનો માનસીક 'અજ્ઞાત ભય' છે. જેને મટાડવો ખુબ જ જરૂરી છે.

જેને મટાડવા માટે માણસે પોતે વહેલા ઉઠવું જોઈએ. તેમજ વહેલા ઉઠીને ખુલ્લી હવામાં યોગ, મેડીટેશન તેમજ કસરતો કરવી ખુબજ જરૂરી છે. જેનાથી અજ્ઞાત ભય, ચિંતા તેમજ ડિપ્રેશન ખુબ ઝડપથી ઘટે છે.

સ્વાસ્થ્ય માટે અગત્યની સુચના

– ઉનાળામાં પાણી વધારે પીવો, ખોરાક ઓછો લેવો તેમજ ફળો વધારે ખાવા.

જીવન જીવવાની રીત

– ઉનાળામાં પાણી વધારે પીવો, ખોરાક ઓછો લેવો તેમજ ફળો વધારે ખાવા.
– શિયાળામાં ખોરાક વધારે લેવો.
– ચોમાસામાં ઉપવાસ –એકટાણા વધારે કરવા.

તા. ક. :– પહેલાનાં જમાનામાં એક વ્યક્તિ પાંચ નું પુરૂ કરતો..આજે પાંચ વ્યક્તિ કમાતા હોવા છતાં પુરૂ થતું નથી.

## જ્ઞાતિ ગૌરવ

**જ્ઞાતિનું ગૌરવ એવા શ્રી પારિતોષ ભરતભાઈ પંડ્યાની graduation ceremony, University of Wisconsin US**

**જ્ઞાતિ તરફથી ગ્રેજયુએટ થવા બદલ ખુબ ખુબ અભિનંદન**

## શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ
## પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ / પારિતોષિક માટેની સુચનાઓ

અમદાવાદ જ્ઞાતિ મંડળના સર્વ જ્ઞાતિ આજીવન સભ્યોને જણાવવાનુંકે પુસ્તક નોટબુક સહાય માટેનું ફોર્મ આ અંકમાં આપેલ છે. જે સંપુર્ણ ભરી તા. 30-06-2026 સુધીમાં કાર્યાલય ઉપર જમા કરાવવાનું રહેશે. પરિણામ બાકી હોય તેમણે પણ ફોર્મ ભરી દેવું. પરિણામ પાછળથી જમા કરાવવાનું રહેશે. પુસ્તક નોટબુક સહાય શિષ્યવૃતિ તા. 12-07-2026ને રવિવારના રોજ જ્ઞાતિ કાર્યાલય પરથી સવારે 10-00 થી સાંજે 5-00 કલાક સુધીમાં મેળવી લેવાની રહેશે.

-કારોબારી સમિતિ

# Bio-data



## પર્સનલ વિગત

નામ : દવે ભાર્ગવ જીતેન્દ્રભાઈ
DOB : ૧૪-૦૭-૨૦૦૦
રાશિ : ધનુ
હાઈટ : 5 ' 8'' (173 cm)
જ્ઞાતિ : ઔદિચ્ય સહસ્ત્ર સાડા ચારસો બ્રાહ્મણ
ગૌત્ર : ભારદ્વાજ
Education : B.Sc. LLB
જોબ : રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત

## ફેમીલી વિગત

Father's name : સ્વ. જીતેન્દ્રભાઈ માનશંકરભાઈ દવે
Mother's name : હંસાબેન જીતેન્દ્રભાઈ દવે
Brother's name : ઉમંગભાઈ જીતેન્દ્રભાઈ દવે
Total Brothers : 2
Total Sisters : નથી

## સંપર્ક


contact number : 8980676038
Address : B/4, અવધવિહાર સોસાયટી, ગઢડા (સ્વા.) જી. બોટાદ

# THANK YOU

19-04-2026

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ,
અમદાવાદ

## for donating
## 22 units of Blood




**PRATHAMA BLOOD CENTRE**

પ્રથમા

# A glimpse of Blood Donation Camp



# A glimpse of Blood Donation Camp



# નફરતનું ભુત

- વિનોદ વ્યાસ

ઉમંગભાઈ બાળમાનસના અભ્યાસુ શિક્ષક હતા. એ દ્રઢપણે માનતા હતા કે દરેક શિક્ષકે વિદ્યાર્થીની સમસ્યામાં સહભાગી બનીને એની સાથે સહાનુભૂતિપૂર્વક વર્તવું જોઈએ.એમના વર્ગમાં નવા આવેલા વિદ્યાર્થી હેતના ચહેરા પરના હાવભાવ વાંચતા ઉમંગભાઈને લાગી રહ્યું હતું કે હેત કોઈ એવી માનસિક સમસ્યાનો સામનો કરી રહ્યો છે કે જેને એ અન્ય વ્યક્તિ સમક્ષ વ્યક્ત કરવા અસર્થ છે. ઉમંગભાઈએ વિચાર્યું કે જો ખરેખર એવું હોય તો એ સમસ્યાનું સમાધાન તાત્કાલિક કરવું જોઈએ.જો એમ નહીં કરવામાં આવે તો એ સમસ્યાની માઠી અસર હેતના અભ્યાસ પર પડવાની પૂરી શક્યતા છે.આથી એ હેત પાસે ગયા અને એના ખભે હાથ મૂકીને કહ્યું,' સ્કૂલ છૂટ્યા બાદ તું મને મળજે.' સ્કૂલ છૂટ્યા બાદ હેત ઉમંગભાઈને મળવા ગયો.ઉમંગભાઈએ પ્રેમથી એને પોતાની પાસે બેસાડીને પુછયું,' તું આ સ્કૂલમાં નવો આવ્યો છો એટલા માટે પૂછું છું કે તને સ્કૂલ કે હોસ્ટેલમાં કશી તકલીફ તો નથી ને?' હેતે કહ્યું,' ના,સાહેબ કશી જ તકલીફ નથી.' ઉમંગભાઈએ બીજો સવાલ પૂછ્યો,'તારા પિતા આર્થિક રીતે એટલા સધ્ધર છે કે એ તને આવી મોંઘી સ્કૂલમાં ભણાવી શકે ?' હેતે કહ્યું,'ના મારા પિતા એટલા સધ્ધર નથી.મારા પિતાએ એમની પોતાની ઈચ્છાથી નહીં પરંતુ મારી સાવકી માતાના કહેવાથી મને અહીં ભણવા મોકલ્યો છે.' ઉમંગભાઈએ આશ્ચર્ય પામતા પૂછ્યું,' એટલે ?' હેતે ખચકાટ સાથે કહ્યું,'એક દિવસ અચાનક સાવ સામાન્ય બીમારીમાં મારી માતાનું અવસાન થયું.મારી માતાના મૃત્યુના થોડા સમય બાદ મારા પિતાએ બીજા લગ્ન કરી લીધા ત્યારથી કદી મેં મારી સાવકી માતાને મમ્મી કહીને બોલાવ્યા નથી કેમ કે મને ખબર છે કે મારી મમ્મી મને જેટલો પ્રેમ કરતી હતી એટલો પ્રેમ મને મારી સાવકી માતા કરતી નથી.જો કે મને એ વાતનું સહેજે દુઃખ નથી કેમ કે મારા એક મિત્રને પણ સાવકી માતા છે એ પણ મારા મિત્રને પ્રેમ નથી કરતી બધી સાવકી માતા આવી જ હોય આથી મારા મનમાં એવું કંઈક ઘર કરી ગયું છે કે એ મને મારી સાવકી માતાનો મમ્મી તરીકે સ્વીકાર કરતા અટકાવે છે. મને ખબર છે કે મને સાચવવાની જવાબદારીમાંથી મુક્ત રહીને પોતે મોજ મજા કરી શકે એટલા માટે મારી સાવકી માતાએ મારા પિતાને એવું કહીને મને બહાર ભણવા મોકલવા માટે મનાવી લીધા કે હું ભણવામાં હોશિયાર છું માટે જો મને સારી સ્કૂલમાં ભણવા મળે તો મારી શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બને'.

હેતની વાત શાંતિથી સાંભળ્યા બાદ ઉમંગભાઈ એ નિષ્કર્ષ પર આવ્યા કે હેત કહે છે કે એના મનની અંદર એવું કંઈક ઘર કરી ગયું છે જે એને એની સાવકી માતાનો મમ્મી તરીકે સ્વીકાર કરતા અટકાવે છે.એ બીજું કંઈ જ નહીં પરંતુ 'દરેક સાવકી માતા ખરાબ જ હોય' એ પ્રકારનો હેતનો સાવકી માતા પ્રત્યેનો પૂર્વગ્રહ છે.હેતના મનમાં એવી ગ્રંથી બંધાઈ ગઈ છે કે દરેક સાવકી માતા હંમેશા એના સાવકા સંતાનો પ્રત્યે અન્યાય અને અત્યાચાર જ કરતી હોય છે.આ કાલ્પનિક અત્યાચાર અને કાલ્પનિક અન્યાયના કારણે એના મન પર એની સાવકી માતા પ્રત્યે નફરતનું ભૂત સવાર થયેલું છે. એ ભૂતને ભગાડવા માટે સૌ પ્રથમ હેતના મનમાં રહેલ સાવકી માતા પ્રત્યેનો પૂર્વગ્રહ દૂર કરવો જરૂરી છે એ દૂર થતાં જ એની સાવકી માતા પ્રત્યેના દ્રષ્ટિકોણમાં પરિવર્તન આવશે.એ પરિવર્તનની સાથે જ હેત માટે એની સાવકી માતાનો મમ્મી તરીકેનો સ્વીકાર સરળ બનશે.ઉમંગભાઈએ હેતના મનમાં રહેલ એ પૂર્વગ્રહને નિર્મૂળ કરવાના નિશ્ચય સાથે હેતને પુછયું,' તારી સાવકી માતાના કહેવા મુજબ તું ભણવામાં ખરેખર હોશિયાર છો?' હેતે કહ્યું,' દર વર્ષે પરીક્ષામાં મારા વર્ગમાં મારો પહેલો નંબર હોય છે.' ઉમંગભાઈએ પૂછ્યું,' તું તારી સાવકી માતા સાથે ક્યારેય ફોનમાં વાત કરે છે ખરો ?' હેતે કહ્યું,' હું મારા પિતા સાથે વિડિયો કોલ પર વાત કરું છું પરંતુ મારી માતા સાથે ક્યારેય વાત નથી કરતો.મને એમની સાથે વાત કરવાની ઈચ્છા નથી થતી '

## - નફરતનું ભુત

ઉમંગભાઈએ પૂછ્યું,'તારું ભવિષ્યનું શું સ્વપ્ન છે ?' હેતે કહ્યું,'હું ઊચ્ચ અભ્યાસ કરીને ઊંચા હોદ્દા પર નોકરી કરવાની ઈચ્છા ધરાવું છું'

ઉમંગભાઈએ આગળ પૂછ્યું,' તને વિશ્વાસ છે કે તારા મગજમાં સતત ચાલી રહેલા તારી સાવકી માતા પ્રત્યેના નકારાત્મક વિચારો સાથે તું તારી શૈક્ષણિક કારકિર્દી બનાવવામાં સફળ થઈશ?' ઉમંગભાઈનો આ પ્રશ્ન પૂછવા પાછળનો હેતુ એ હતો કે સાવકી માતા પ્રત્યેની નકારાત્મક લાગણીનો હેતના મન પર કેટલો પ્રભાવ પડેલો છે.હેત ઉમંગભાઈના પ્રશ્નનો ઉત્તર આપવામાં અસમર્થ રહ્યો.એણે મૌન ધારણ કરી લીધું.એનું મન ' હું મારી સાવકી માતાનો સ્વીકાર કરી શકતો નથી' એ વાત પર આવીને અટકી ગયું હતુ.ઉમંગભાઈએ વિચાર્યું કે આ જ સમય છે હેતને સાચી વાત સમજાવવાનો આથી એમણે કહ્યું,'તારી સાવકી માતાની એ વાત તો સાચી છે કે તું ભણવામાં હોશિયાર છો એનો અર્થ એ થાય કે તને અહીં ભણવા મોકલવા માટે એ ખોટું નથી બોલ્યા પણ એ ખરેખર ઈચ્છે છે કે તું ભણવામાં હોશિયાર હોવાના કારણે તને સારું શિક્ષણ મળે. બીજી વાત તારી માતાનો ઈરાદો તારી જવાબદારીમાંથી મુક્ત રહીને મોજ મજા કરવાનો હોત તો તારા ભણતર પાછળ આટલો મોટો ખર્ચ કરવાને બદલે એ પૈસાથી પોતે મોજ મજા કરી શક્યા હોત પરંતુ એવું ન કરતા એમણે તારામાં રહેલી બૌદ્ધિક ક્ષમતાને ધ્યાનમાં રાખી તારા ભવિષ્યનો વિચાર કરી તને આવી સારી સ્કૂલમાં ભણવા મોકલ્યો.કદાચ તારા મમ્મી પણ આવું ઉત્તમ કાર્ય ન કરી શક્યા હોત એવું ઉત્તમ કાર્ય તારા માટે તારી સાવકી માતાએ કર્યું છે.

તારી સાવકી માતા તો નિઃસંતાન છે માટે એમણે ઇચ્છ્યું હોત તો એ કોઈ નિઃસંતાન પુરુષ સાથે લગ્ન કરી શકત પરંતુ એવું ન કરતા એમણે ઉદારતા દાખવી મોટું મન રાખી એક સંતાન ધરાવતા તારા પિતાને પોતાના જીવનસાથી બનાવવાનું પસંદ કર્યું.આ એ વાતની સાબિતી છે કે એમને મોજ મજા કરવામાં નહીં પરંતુ કોઈનો સહારો બનીને એનું જીવન સાર્થક કરવામાં રસ છે. દસ-બાર વર્ષ પછી તારો પોતાનો પરિવાર હશે ત્યારે તું તારા પિતાની જરૂરિયાતનું ધ્યાન કેવી રીતે રાખીશ ? વૃધ્ધાવસ્થામાં સ્ત્રી પુરુષ બંનેને અરસપરસ સાથીદારની જરૂર હોય છે જેથી તબિયત સંબંધિત સમસ્યાઓ અને લાચારીમાં એક બીજાને મદદરૂપ થઈ શકે તું નસીબદાર છો કે તને સંવેદનશીલ અને પરગજુ માતા મળી છે જેને કારણે તું તારા પિતાની વૃદ્ધાવસ્થા સમયે પણ ચિંતા મુક્ત જીવન જીવી શકીશ.'

પોતાની વાત પૂરી કરી ઉમંગભાઈએ હેત સામું જોયું તો એમને એહસાસ થયો કે હેતના મન પર કબજો જમાવીને બેઠેલી એની સાવકી માતા પ્રત્યેની અસ્વીકારની લાગણી વિદાય લઈ ચૂકી હતી.થોડીવાર મૌન રહ્યા બાદ હેતે પૂછ્યું,'મને સાચી વાત સમજાય ગઈ છે.હવે તમે જ કહો મારે શું કરવું જોઈએ?' ઉમંગભાઈએ કહ્યું,' આવતી કાલથી તારી સ્કૂલમાં ચાર દિવસ માટે રજા છે.આ સમાચાર તારા પિતાને નહીં પણ તારી માતાને વિડિયો કોલ પર આપ અને કહે કે મમ્મી હું તમને મળવા આવું છું ' ઉમંગભાઈએ કહ્યા મુજબ હેતે એની સાવકી માતા સાથે વીડિયો કોલમાં વાત કરતાં કહ્યું, 'મમ્મી,આવતી કાલથી મારી સ્કૂલમાં ચાર દિવસની રજા છે એટલે હું તમને મળવા આવું છું ' બસ વાત કરતાની સાથે જ બંને તરફથી આંખોમાં લાગણીઓનું ઘોડાપુર ઉમટ્યું એ પુરમાં હેતના મનમાં રહેલ એની સાવકી માતા પ્રત્યેની રહી સહી અસ્વીકારની લાગણી અને નફરતનું ભૂત એ બંને તણાય ગયા અને હેતનું મન નિર્મળ થઈ ગયું.હેતે હસતા મુખે કહ્યું,' આભાર સાહેબ,હું અત્યારે જ મારી મમ્મીને મળવા મારે ગામ જવા નીકળું છું.'

- વિનોદ વ્યાસ

# દાન સરવણી

**સદભાવ જાહેરાત**

| ક્રમાંક | નામ | રકમ |
|---|---|---|
| 9905 | વિમલભાઈ દવે - સ્પોન્સરશીપ - | 6000 |
| 9904 | કિશોરભાઈ ફુલશંકર પંડીત - | 1500 |
| 9907 | હરેશભાઈ રવિશંકર જોષી - | 1500 |
| 9908 | મિતાબેન કેતનકુમાર મહેતા - | 1500 |
| 9909 | મનીષભાઈ ત્રિપાઠી - | 1500 |

**રમતોત્સવ ફંડ**

| | | |
|---|---|---|
| 9912 | સ્વ. પ્રફુલભાઈ હરીલાલ દવે. ગં.સ્વ. રંજનબેન પ્રફુલભાઈ દવે - | 11000 |
| 9911 | નીતિનભાઈ ત્રિવેદી - | 5000 |
| 9906 | હરેશભાઈ જોશી. અજયભાઈ જોશી. હિતેશભાઈ જોશી - | 5000 |

**ખુશી ભેટ**

| | | |
|---|---|---|
| 9910 | મુકુંદભાઈ શુક્લા - | 100 |
| 9913 | મુકુંદભાઈ શુક્લા- આધ્યા અભિષેક શુક્લાને ધો.૮ માં દિવાન બલ્લુભાઈ સ્કુલમાં સાયન્સમાં ફર્સ્ટ ક્લાસ આવ્યો એ માટે ખુશી ભેટ - | 100 |
| 9452 | કેતનકુમાર ઘનશ્યામભાઈ મહેતા. અમદાવાદ | 1111 |
| 9453 | ડો. વિશ્વેશભાઈ રવિશંકર પંડ્યા. અમદાવાદ | 501 |

**રક્તદાન શિબિર**

| | | |
|---|---|---|
| 9914 | મનીષભાઈ ત્રિપાઠી - | 3000 |
| 9915 | શિરીશભાઈ ત્રિવેદી - | 1001 |
| 9917 | જોશી. મહેતા. વ્યાસ - | 501 |
| 9916 | મંદાબેન ત્રિપાઠી - | 251 |
| 9919 | વ્યાસ પાર્થ ચંદ્રેશભાઈ - | 251 |
| 9918 | તનીશ ત્રિવેદી - | 151 |

**ભાગીરથી /વિધવા સહાય ફંડ**

| | | |
|---|---|---|
| 99 | સ્વ. અનિલભાઈ રમણિકલાલ ત્રિવેદી બેંગલોરના પુણ્ય સ્મરણાર્થે | 10000 |
| 9693 | સ્વ. કોકીલાબેન હિંમતલાલ રાવળ તથા હિંમતલાલ શાંતીલાલ રાવલ હસ્તે લક્ષ્મીશંકર રાવલ | 5000 |
| 99 | સ્વ. મધુરીકા શરદેન્દુ ત્રિપાઠી મુંબઈના પુણ્ય સ્મરણાર્થે | 3100 |
| 9920 | ગૌરાંગ ભૂપેન્દ્રકુમાર વ્યાસ . સ્વ. ભુપેન્દ્રકુમાર ગિરજાશંકર વ્યાસના સ્મરણાર્થે - | 1100 |
| 9921 | ત્રિવેદી પરીવાર અમરેલી તરફથી સ્વ. વિદ્યાબેન દુર્ગાશંકર વ્યાસના સ્મરણાર્થે - | 500 |
| 9451 | ભરતભાઈ નંદકિશોર આચાર્ય .સ્વ. તારાબેન રેવાશંકર રાવળના બેસણા નિમિત્તે | 1000 |
| 9454 | ચેતનભાઈ નંદકિશોર આચાર્ય સ્વ. તારાબેન રેવાશંકર રાવળના બેસણા નિમિત્તે | 501 |
| 9455 | પરિતાબેન વિપુલભાઈ જોષી | 501 |

## અવસાન નોંધ

૧. સ્વ. પ્રવિણભાઈ પ્રેમશંકર વ્યાસ ( ઉ. વર્ષ. 82 ગામ- સાણંદ ) નું તા. 25-03-2026 ના રોજ અવસાન થયેલ છે.
2. સ્વ. ફુલશંકર વિઠ્ઠલજી રાજ્યગુરૂનું અવસાન તા. 27-03-2026 ના રોજ અમદાવાદ ખાતે થયુ છે. ( મુળ ગામ - લિંબાળા )
3. સ્વ. હસમુખરાય એન. પંડ્યા (કોલકત્તા ઉ. વર્ષ-83 ) નું તા. 20-03-2026ના રોજ અવસાન થયેલ છે.
4. સ્વ. નીલાબેન શૈલેષભાઈ ત્રિવેદી નું (ભાવનગર ) તા. 30-03-2026 ના રોજ અવસાન થયેલ છે.
5. સ્વ. ઘનશ્યામભાઈ વૈકુંઠરાય વ્યાસ (મુખપતિ) (ગામ-અમરેલી ઉ.વર્ષ. 74 ) નું તા. 31-03-2026 ના રોજ અવસાન થયેલ છે.
6. સ્વ. અરૂણાબેન ઈન્દુકુમાર (કાળુભાઈ) દવે નું તા. 13-04-2026ના રોજ અવસાન થયેલ છે.
7. સ્વ. પાર્થિવ પિનાકીનભાઈ વ્યાસ ( ઉ.વર્ષ 44. ભાવનગર ) નું તા. 19-04-2026ના રોજ અવસાન થયેલ છે.
8. સ્વ. નટવરલાલ લક્ષ્મીશંકર આચાર્ય ( ઉ. વર્ષ 88. ભાવનગર - મોટા સુરકા)નું તા. 26-04-2026ના રોજ અવસાન થયેલ છે.
9. સ્વ. દેવેનકુમાર જયંતિલાલ દવેનું તા. 27-04-2026 ના રોજ અવસાન થયેલ છે.
10. સ્વ. જલ્પેશ નરેશભાઈ જોષીનું તા. 29-04-2026 ના રોજ અવસાન થયેલ છે.
11. સ્વ. દિવ્યાંગભાઈ (રેવડીભાઈ) વાસુદેવભાઈ રાવલ ( ઉ.વર્ષ 44. ગાંધીનગર )નું તા. 30-04-2026 ના રોજ અવસાન થયેલ છે.
12. સ્વ. હર્ષાયુભાઈ જગદિશચંદ્ર દવે (ઉ. વર્ષ 51. અંકલેશ્વર. ભાવનગર )નું તા.02-05-2026 ના રોજ અવસાન થયેલ છે.
13. સ્વ. પ્રવિણભાઈ હરીલાલ આચાર્ય ( ઉ. વર્ષ 86 )નું તા. 04-05-2026ના રોજ ભાવનગર મુકામે અવસાન થયેલ છે.
14. ગં. સ્વ. સરોજબેન (સુશીલાબેન) નું તા. 04-05-2026 ના રોજ જુનાગઢ મુકામે અવસાન થયેલ છે.
15. સ્વ. રેવાશંકર રામકૃષ્ણ રાવલ ગુંદાળા (હાલ ભાવનગર ) ના દિકરી તારાબેન ( ઉ. વર્ષ 79 )નું તા. 04-05-2026 ના રોજ અવસાન થયેલ છે.
16. સ્વ. પ્રવીણચંદ્ર મનહરલાલ ઠાકરના દિકરી સ્વ. મેઘાબેન પ્રવીણચંદ્ર ઠાકર (ઉ. વર્ષ 30 ) નું તા. 04-05-2026ના રોજ હૃસા મુકામે અવસાન થયેલ છે.
17. ગં.સ્વ. મધુરીકા શરદેન્દુ ત્રિપાઠી ( ઉ. વર્ષ 81 )નું તા. 05-05-2026ના રોજ મુંબઈ ખાતે અવસાન થયેલ છે.
18. સ્વ. કીરણબેન કનૈયાલાલ વ્યાસ નું તા. 07-05-2026 ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે.
19. સ્વ. આશાબેન હીરેનભાઈ વ્યાસ ( ઉ. વર્ષ 59 )નું તા. 10-05-2026 ના રોજ સિહોર મુકામે અવસાન થયેલ છે.
20. સ્વ. સ્મિતાબેન જીતેન્દ્રકુમાર આચાર્ય ( ઉ. વર્ષ 63 )નું તા. 11-05-2026 ના રોજ સિહોર મુકામે અવસાન થયેલ છે. જે ચિત્તલ નિવાસી શ્રી ઉમીયાશંકર કેશવલાલ ત્રિવેદીના સુપુત્રી થાય.
21. સ્વ. વર્ષાબેન બિમલભાઈ પંડ્યા ( ઉ. વર્ષ 55)નું તા. 13-05-2026 ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયેલ છે. તે સ્વ. નરહરીપ્રસાદ ચત્રભુજ ત્રિવેદી ના સુપુત્રી થાય.
22. સ્વ. વિનુભાઈ ગૌરીશંકર શુક્લ તા. 15-05-2026નાં રોજ મુંબઈ મલાડ મુકામે અવસાન થયેલ છે.
23. સ્વ. હંસાબેન ભાસ્કરભાઈ દવે (ઉ. વર્ષ 73) નું તા. 18-05-2026 નાં રોજ ન્યુ રાણીપ. અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.
24. સ્વ. રાજેશકુમાર શરદભાઈ વ્યાસ નું તા. 19-05-2026 નાં રોજ ધંધુકા મુકામે અવસાન થયેલ છે.
25. રંઘોળા નિવાસી સ્વ. શ્રી દિનકરરાય મોહનલાલ પંડિત ( ઉ. વર્ષ 77 ભાવનગર જ્ઞાતિ પ્રમુખ)હાલ ભાવનગર તા. 21-05-2026 ના રોજ અવસાન થયેલ છે.

- માર્ચ 2026 નાં અંકમાં અવસાન નોંધમાં સ્વ. વિદ્યાબેન દુર્ગાશંકર ત્રિવેદી ( ઉ. વર્ષ 100 ) અમરેલીનું અવસાન થયેલ છે. જેઓ શ્રી કિરણભાઈ. શ્રી હરેશભાઈ તથા શ્રી પ્રદિપભાઈ ત્રિવેદીના માતુશ્રી થાય.

## દાન સરવણી

**જ્ઞાતિ આજીવન લવાજમ**

| | | |
|---|---|---|
| 9922 | પ્રયાગ અતુલભાઈ રાવલ - | 500 |
| 9923 | જીત અતુલભાઈ રાવલ - | 500 |

**દેવ મગન શ્રાવણી ફંડ**

| | | |
|---|---|---|
| 9924 | કિશોરભાઈ ફુલશંકર પંડિત પરીવાર તરફથી સ્વ. પાર્થિવ પિનાકીન વ્યાસના પુણ્યાર્થે - | 11000 |

**જ્ઞાતીની વાડી ફંડ**

| | | |
|---|---|---|
| 9694 | સ્વ. કોકીલાબેન હિંમતલાલ રાવળ તથા હિંમતલાલ શાંતીલાલ રાવલ હસ્તે. લક્ષ્મીશંકર શાંતીલાલ રાવળ | 3000 |

**અમદાવાદ જ્ઞાતિ આજીવન સભ્યના પરિવાર માટે પુસ્તક નોટબુક સહાય-શિષ્યવૃતિ/ પારિતોષિક માટેનું ફોર્મ**

**શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ.**
**૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સ સામે, શ્યામ શિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫**
**e mail : sadbhav84@gmail.com M. 999 8000 450.**

**વિદ્યાર્થીનું નામ :-.................................................................................**

**વિદ્યાર્થીના પિતાનું પુરૂ નામ :-..................................................................**

**સરનામું તથા મોબાઈલ નંબર :-...................................................................**

**જ્ઞાતિ આજીવન સભ્ય નંબર ફરજીયાત :-........................................................**

**શાળા/કોલેજ નામ અને સરનામું :-..............................................................**

**વિદ્યાર્થીએ વર્ષ ૨૦૨૫-૨૬માં પાસ કરેલ વાર્ષીક પરિક્ષાનું પરિણામ : ધોરણ/સેમેસ્ટર :..........ટકા:....**

**પુસ્તક નોટબુક સહાય/ શિષ્યવૃતિ :.........................પારિતોષિક :...............................**

**બેંકની વિગત : અંગ્રેજી કેપીટલ અક્ષરમાં લખવી.**

**બેંક નું નામ બ્રાન્ચ સાથે : ........................................................................**

**આઈ એફ એસ સી કોડ : .............................................................................**

**ખાતેદારનું નામ : ....................................................................................**

**બચત / ખાતા નંબર : ...............................................................................**

**અમે પ્રતિજ્ઞા પુર્વક જણાવીએ છીએ કે ઉપરની વિગત સંપુર્ણપણે સત્ય છે.**


**વિદ્યાર્થીની સહી :............................ વાલીની સહી : ..........................................**

પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ / પારિતોષિક ફોર્મના સુચન :

- છેલ્લી વાર્ષીક પરિક્ષાની ગુણપત્રકની નકલ જોડવી.
- પુસ્તક નોટબુક સહાય / શિષ્યવૃતિ આવતા વર્ષના અભ્યાસ માટે હોય છે એટલે આવતા વર્ષનાં અભ્યાસની ફી ભર્યાની રસીદ નકલ જોડવી.
- ફોર્મમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવોકે આ ફોર્મ સહાય અને પારિતોષિક માટે છે અથવા ફક્ત પારિતોષિક માટે છે.
- ૬૦% વધારે ટકાને પારિતોષિક માટે માન્ય ગણાશે.
- સહાય અને પારિતોષિક માટે જ્ઞાતિની કાર્યવાહક સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
- Ph. D. થયેલ જ્ઞાતિ સભ્યનું વિશેષ સન્માન કરવાનું હોય તેઓએ પણ આ ફોર્મમાં વિગત ભરીને જમા કરાવશો.


Vasudev Pandey
M.9898618855
V.D. Plast Mould
Mfg. Plastic Injection Mould
www.vdplastmould.com
Email : vdplastmould@gmail.com
90, Arihant Estate, Nr. Girnar Scooter Compound,
S.P.Ring Road, Odhav, Ahmedabad-382415.
GALE AMBE ENTERPRISE
SPECIALIST IN :
PRECISION TUBE MACHINERIES
MATHUR J. PATEL
+91 9727686355
mjp_patel@yahoo.com
24BFBPP7809B1ZP
335, Road No. 10,
Gopal Charan Industrial Hub,
Bakrol, Ahmedabad - 382433

# શ્રધ્ધાંજલિ




પુરૂષાર્થ કરી શૂન્યમાંથી થી સર્જન કરી કષ્ટ સહન કરીને, પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
સુખમાં છલકાયા નહીં, દુ:ખથી ડર્યા નહિ,
વ્યવહાર અને ધર્મ કદી ચૂક્યા નહીં,
રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

શ્રી ભરતભાઈ કુલશંકર રાજ્યગુરૂ
શ્રી કપિલભાઈ કુલશંકર રાજ્યગુરૂ
શ્રી પ્રકાશભાઈ કુલશંકર રાજ્યગુરૂ

શ્રીમતી કલાબેન ભરતકુમાર રાજ્યગુરુ
શ્રીમતી ભાવનાબેન કપિલકુમાર રાજ્યગુરુ
શ્રીમતી મનીષાબેન પ્રકાશકુમાર રાજ્યગુરુ

શ્રી મેહુલ ભરતકુમાર રાજ્યગુરુ
શ્રી તારક કપિલકુમાર રાજ્યગુરુ
શ્રી જય પ્રકાશકુમાર રાજ્યગુરુ
શ્રીમતી જ્યોતિબેન રજનીકાંત પાઠક
શ્રીમતી ક્રિષ્ના પ્રદીપકુમાર દેસાઈ
શ્રીમતી ભુમિ હર્ષકુમાર અધ્વર્યુ

શ્રીમતી અર્ચના મેહુલ રાજ્યગુરુ
શ્રીમતી શ્રુતિ તારક રાજ્યગુરુ
શ્રીમતી જાનવી જય રાજ્યગુરુ
શ્રીમતી નયનાબેન વિનોદરાય વ્યાસ
શ્રીમતી હરિતા મિલિન્દકુમાર મજમુદાર
શ્રીમતી ક્ષિતિ નિગમકુમાર કોન્ટ્રાક્ટર

શ્રી ગૌરાંગ ભરતભાઈ રાજ્યગુરૂ

હર્ષિવ, દિશા, જિમિત, ધ્યાના, અથર્વ, તનીશી, શ્લોક અને હેયાંશ







રવાના:- શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી
સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ
૪૧૨, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સની સામે,
શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-૨૫.
ફોન:- 999 8000 450

book-post